# ગુજરાતી – ધોરણ -૮-પ્રથમ સત્ર-પાઠ:૪ -નવા વર્ષના સંકલ્પો

## પ્રવૃત્તિ - સંકલ્પોની યાદી બનાવો.

સંકલન : ગોંડલિયા પુરણ એ.

નવા વર્ષે સંકલ્પો કરવાનો આપણે ત્યાં મહિમા છે. એવું મનાય છે કે નવા વર્ષે કરેલા સંકલ્પો ફળીભૂત થતા હોય છે. આથી ઘણા લોકો નવા વર્ષે પોતાને અનુકૂળ આવે એવા સંકલ્પ લેતા જોવા મળે છે. સંકલ્પો કેટલા પરિપૂર્ણ થાય છે એ તો સમય જ કહેતો હોય છે. તેવી જ રીતે નવા વર્ષે વિદ્યાર્થીઓને અભ્યાસનું પણ વિશેષપણે કહેવામાં આવે છે. તહેવારોની મોસમમાં અભ્યાસ માટે વિદ્યાર્થીઓને કહેવું એ તેમને બિલકુલ પસંદ પડતું નથી. અગાઉ માબાપ નવા વર્ષે વિદ્યાર્થીઓને અચૂક અભ્યાસ કરવા બેસાડતા, પણ આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. મોટા ભાગના પરિવારો દિવાળી દરમિયાન બહારગામ જ હોય છે. આથી નવા વર્ષમાં સંકલ્પનો જે મહિમા છે એ હવે ધીમે ધીમે ઘટવા માંડ્યોછે.

સંકલ્પ એટલા માટે લેવાતા હોય છે કે આગામી સમયમાં આપણે શું કરવું છે તેનો રોડમેપ બની શકે. આ ઉપરાંત આના આધારે ભવિષ્યને પણ કંડારવામાં આવતું હોય છે. કમનસીબી એ છે કે મોટા ભાગના સંકલ્પો પોતાના સ્વાર્થ માટે લેવાતા હોય છે. કેટલાક સંકલ્પ એવા હોય છે કે જે પરિપૂર્ણ થઈ શકે તેમ નથી હોતા. તેનો સંકલ્પ લેનારને પણ ખ્યાલ હોય છે. તેમ છતાં આવા સંકલ્પો લેવાથી ઘણીવાર મુશ્કેલી સર્જાતી હોય છે. સંકલ્પ પોતાનું સ્વપ્ન પુરું કરવાનું એક સાધન છે. તેના આધારે વ્યક્તિને ભવિષ્યમાં તે શું કરવા માગે છે અથવા તેને પોતાના અંગત જીવન કે પ્રોફેશનલ જીવનમાં ક્યાં પહોંચવું છે તેનો ખ્યાલ આવી શકે છે.

ઘણીવાર દેખાદેખીથી પણ સંકલ્પ લેવાતા હોય છે. આવા સંકલ્પમાં કોઈ નિષ્ઠા હોતી નથી. નિષ્ઠા નહીં હોવાને કારણે તેને સિદ્ધ કરવા માટેના પ્રયત્નો પણ વ્યવસ્થિત રીતે થતા હોતા નથી. આમ હાફ-હાર્ટેડ પ્રયત્નોથી સંકલ્પ સિદ્ધ નહીં થતાં વ્યક્તિ હતાશા અનુભવતી હોય છે. પરિણામે બીજા વર્ષથી તે સંકલ્પ લેવાનું બંધ કરી દે છે. હકીકતમાં આ પદ્ધતિ અયોગ્ય છે. વ્યક્તિએ પોતાની શક્તિ પ્રમાણે પોતાના ભવિષ્યનું આયોજન કરવું જોઈએ અને તેના આધારે સંકલ્પ લેવા જોઈએ.

મોટા લોકોના જીવનમાંથી પણ આ રીતે પ્રેરણા લેવાતી હોય છે. કોઈ પણ વ્યક્તિ એકાએક મોટી બની જતી હોતી નથી. દરેકની શરૂઆત તો નાનાં પગલાંથી જ થતી હોય છે. શરૂઆતનું નાનું પગલું જ ભાવિ મોટા કદમને આકાર આપતું હોય છે. સાઇબર વર્લ્ડના માંધાતાઓ નારાયણ મૂર્તિ, સ્ટિવ જોબ્સ, બિલ ગેટ્સ વગેરે પણ પોતાની શરૂઆત તો નાનાં પગલાંથી જ કરી હતી. તેવી જ રીતે રિલાયન્સના ધીરુભાઈ અંબાણીની શરૂઆત પણ તેવી જ હતી, પણ આ દરેકે શરૂઆતની સાથે જ સંકલ્પ પણ સેવ્યા હતા. જેના આધારે તેઓ સફળતા મેળવી શક્યા.

આજે મોટા ભાગના વિદ્યાર્થીઓમાં ભવિષ્યનાં આયોજનનો અભાવ જોવા મળે છે. મોટા ભાગનાંને તેમને ભણીગણીને શું કરવું જોઈએ તેનો ખ્યાલ જ હોતો નથી. બીજાઓનું જોઈને તેઓ પણ ભવિષ્યની સારી સારી કલ્પનાઓ કરવા માંડે છે અને વાસ્તવિકતા અલગ હોય છે. કોઈ પણ વિદ્યાર્થી તેમના અભ્યાસમાં અંતિમ વર્ષમાં આવે તે અગાઉથી તેની પાસે આગળના બે-ત્રણ વર્ષનું આયોજન હોવું જોઈએ.

પરંતુ આજના હરીફાઈના યુગમાં આ વિદ્યાર્થીઓ માત્ર સફળ વ્યક્તિઓને જ જુએ છે. આ સફળ વ્યક્તિઓએ કરેલા સંઘર્ષને તેઓ જોતા નથી કે તેને જાણવાનો પ્રયત્ન પણ કરતા હોતા નથી. આથી બે-ત્રણ વર્ષમાં તેઓ હતાશામાં સરી જતા જોવા મળે છે. સંકલ્પને પણ જો હકારાત્મક રીતે લઈએ તો કદાચ જીવનમાં સફળતા ચૂમતી આવે. નવા વર્ષે દરેકને સંકલ્પ લેવાની પ્રેરણા સાથે તે સંકલ્પ સિદ્ધ કરવા નિષ્ઠાપૂર્વકના પ્રયાસો કરવાની પણ શુભેચ્છા.

## સંકલ્પોની યાદી -આજે જ આચરણમાં લાવો.....

૧. મદદ નહીં તો પ્રાર્થના કરો જો તમે કોઈ વ્યક્તિ કે પ્રાણી કે જીવને મુશ્કેલીમાં જુઓ અને એ સમયે તમે તેની કંઈ મદદ ન કરી શકો એવી હાલતમાં હોવ તો કંઈ નહીં તો ભગવાનને તે વ્યક્તિ/પ્રાણી કે જીવની મદદ માટે પ્રાર્થના કરવાનો સંકલ્પ લઈ શકો.

૨. વર્ષમાં એક વાર જરૂરિયાત મંદ વ્યક્તિને મદદ કરો: દર મહિને તમારી કમાણીમાં વધુ નહીં તો માત્ર ૧00 રૂપિયા અથવા જો આવક વધુ હોય તો તે પ્રમાણે અમુક નાણા બાજુ પર રાખો, વર્ષના અંતે મંદિરમાં દાન આપવાને બદલે કોઈ એક જરૂરિયાત મંદ વ્યક્તિને મદદ કરી શકો.

3. જમવાનું અડધું ન છોડશો જ્યારે જમવા બેસો ત્યારે થાળીમાં એટલું જ લો જે તમે જમી શકો, બની શકે તો એક વારમાં બધું એકસાથે થાળીમાં ભરી ન લેતા બે વાર થોડુ થોડુ લો પણ જમ્યા પછી થાળીમાં બિલકુલ વધવા ન દેશો. (ધ્યાન રાખો કે તમને આજે પેટ ભરીને જમવા મળે છે પણ દેશમાં અને વિશ્વમાં એવા ઘણા બાળકો છે જેમને એક કોળિયો પણ જમવા નથી મળતો, તો તમને જે મળે છે તે ખોરાકનો આદર કરો અને બગાડો નહીં.)

૪. ગમે ત્યા કચરો ન ફેંકો, દેશ તમારો જ છે: તમે ક્યાંક ઉભા છો અને તમારા હાથમાં કંઈક કચરો છે જે તમે ગમે ત્યા નાંખી દેશો તો મોટે ભાગે તમને કોઈ કંઈ કહેશે નહીં પણ સંકલ્પ લો કે ઓછામાં ઓછું કચરો તો તમે કચરાપેટીમાં જ નાંખશો. વધુમાં વધુ તો તમારે બે મિનિટ કચરાપેટી શોધવા માટે બગાડવી પડશે પણ તમને ગંદા ઘરમાં રહેવું પસંદ નથી આવતું તો ગંદા શહેર-ગંદા રાજ્ય-ગંદા દેશમાં રહેવું કેમ પસંદ કરશો.

૫. વીજળી બચાવો રૂમમાંથી બહાર નીકળતા પહેલા લાઈટ-પંખો-એસી-કમ્પ્યૂટર જરૂર ન હોય તો બંધ કરીને જ બહાર જાવ.

૬. માફી આપવાનો સંકલ્પ કરો ગત વર્ષમાં તમને ઘણા લોકોએ દુખ પહોંચાડયુ હશે પણ તે દરેક વ્યકિતને કંઈકને કંઈક પરેશાની રહી હશે અને ન પણ હોય તો પણ તમે ભૂલી જાવ તે વ્યકિતની સામે જઈને તેને માફ કરીને એકવાર સ્મિત આપો. તમને જે ખુશી મળશે તે શબ્દોમાં વર્ણવી નહીં શકો.

૭. સ્મિત આપો: દિવસમાં આપણે હજારો કામ કરતા હોઈએ છીએ નાના મોટા. તણાવમાં આપણે હસવાનું જ ભૂલી જઈએ છીએ. જીવનનો આધાર છે હાસ્ય અને આશા. દિવસની શરૂઆતમાં એક સ્મિત આપો, વાહન ચલાવતી વખતે, બોસ સાથે વાત કરતી વખતે, તણાવપૂર્ણ કામ કરતી વેળા ગમે ત્યારે.

૮. હકારાત્મક વિચારો દિમાગ તમારું છે તમે શું વિચારવા માંગો છે તે માત્ર અને માત્ર તમારા પર આધાર રાખે છે. કોઈ પણ વિષયનો હકારાત્મક પહેલું વિચારીને આગળ વધવા માટે તમને કોઈ રોકી ન શકો.

૯. પ્રેમનો એકરાર કરો: પ્રેમનો એકરાર માત્ર પતિ-પત્ની કે પ્રેમી-પ્રેમિકા વચ્ચે જ નથી હોતો માતા-પુત્ર, પિતા-પુત્રી, દાદા-પૌત્ર, મિત્ર-મિત્ર કોઈની પણ વચ્ચે હોઈ શકે છે. ઘણીવાર માત્ર એકરારને ન થવાના કારણે સંબંધોમાં ખટાશ આવી જતી હોય છે. તમને ગમતી વ્યકિતને જણાવો કે તે વ્યકિત તમારા માટે કેવી રીતે ખાસ છે.

૧૦. ના પાડો આપણે વિચારીએ છીએ એટલું અઘરું કામ નથી. ન ગમતી વ્યકિત, ન ગમતી વસ્તુ, ન ગમતા ખોરાક માટે ના પાડતા શીખો. શરૂઆતમાં થોડુ અઘરું લાગશે પણ મગજ પર કોઈ ભાર નહીં રહે. હા, પણ ના પાડવામાં વિનમ્રતા ભૂલશો નહીં.

૧૧. હસો અને રડો જીવનમાં માત્ર ખુશી આવશે તેવી કલ્પના અથવા આશા રાખવી ખોટી નથી પણ વ્યાજબી પણ નથી. જેમ થાળીમાં દરેક જાતનો સ્વાદ ઇચ્છીએ છીએ તેમ જીવનમાં પણ બધી જ લાગણીઓ હોવી જોઈએ. સુખની સાથે દુખને પણ આવકારો જેથી ખુશીઓને વધુ આનંદ સાથે માણી શકાય.

12. જાણે અજાણે રાષ્ટ્રની સંપતિને નુકશાન ન પહોંચાડીએ.

13. રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિમાં સાથ ક્યારેય પણ ન આપીએ.

14. સમાજનાં દુષણો જેવા કે દારૂ, જુગાર, મહિલાશોષણને પ્રોત્સાહન ન આપીએ.

15. કુદરતી સંપતિઓનો વ્યય અટકાવીએ.

16.મતદાન અચુક કરીએ.

17. સમાજમાં જાગરૂકતા ફેલાય તેવા ઉદાહરણ બેસાડીએ.

૧૨૫ કરોડની વસ્તી ધરાવતો, દુનિયાના સૌથી વધારે યુવાનો ધરાવતો ભારત દેશ આજે ઘણી બાબતોમાં લાચાર છે. મજબુત નથી.

કારણ છે દેશની જનતાના વિચારો.

ખાસ કરીને યુવાનોમાં દેશ માટે, સમાજ માટે કશુક કરી છુટવાની ઇચ્છાશિક્તનો અભાવ.

આપણે આપણા પોતાના માટે જીવીએ છીએ,

પરંતુ ક્યારેય આપણા દેશ, સમાજ, જરૂરિયાતમંદ લોકો માટે જીવતા નથી.

આપણે ફ્રેન્ડશીપ ડે, વેલેન્ટાઇન ડે, રોઝ ડે ઉજવીયે છીયે

પરંતુ ક્યારેય પણ ૨૬ જાન્યુઆરી, ૧૫ ઓગષ્ટના કાર્યક્રમો ઉજવતા નથી.

ભારતનો ચહેરો બદલવો હશે તો

પહેલા આપણે – આપણા વિચારો બદલવા પડશે.

જીવનમાં નાના સંકલ્પો કરવા પડશે.

(ઉદા.”પાણીનો બગાડ કરીશ નહી, રાષ્ટ્રની સંપતિને નુકશાન પહોંચાડીશ નહી”)

એક વ્યકિત આવા પાંચ સંકલ્પો બનાવે તથા તેનુ પાલન કરે તો ...

૧૦૦ કરોડની વસ્તી દ્વારા ૫૦૦ કરોડ સંકલ્પોથી

આપણે ઘણું બધુ બદલાવી શકીશું.

બધુ જ શક્ય છે. જરૂર છે માત્ર આપણી ઇચ્છાશકિતની.

યુવાશક્તિ કોઇપણ રાષ્ટ્રની વિકાસયાત્રાનું જરૂરી પરિબળ હોય છે.

યુવાનોનો રાષ્ટ્ર માટે કશુંક કરી છુટવાનો અભિગમ સમાજમાં

ઘણાં ક્રાંતિકારી ફેરફાર લાવી શકે છે.

આપણે દરરોજ જેટલો પ્રયત્ન આપણા ઘરને

વધુ સુંદર, સ્વચ્છ બનાવવા માટે  કરીએ છીએ

તેટલો જ પ્રયત્ન આપણે આપણા રાષ્ટ્ર, સમાજ માટે કરવો જોઇએ.

આપણો દેશ જ આપણું જન્મ સ્થાન, કર્મસ્થાન છે.

દેશ માટે આફત સમાન દરેક પરિસ્થિતિને પહોંચી વળવા

આપણે ખભે ખભા મિલાવી ચાલવુ જોઇએ.

આ દેશનાં યુવાનો તેમની મજબુત ઇચ્છાશક્તિ વડે ખભે ખભા મિલાવી દેશના

વિકાસમાં જોડાશે ત્યારે ભારતને વૈશ્વિક મહાસત્તા બનતા કોઇ રોકી શકશે નહિ.